ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગાંધીનગર વિશ્વના પ્રદૂષિત શહેરમાં ૧૬૬માં ક્રમે



ગાંધીનગર, તા. ૨૩

ક્લીનેસ્ટ કેપિટલ તરીકેની ઓળખ પામેલુ આપણુ નગર વિશ્વના પ્રદૂષિત નગરોમાં ૧૬૬મા ક્રમે છે.

ખેર ક્વોલિટી રેન્કિંગમાં રાજ્યનું પાટનગર ગાંધીનગર ૪૩.૫ સાથે ૧૬૬મા ક્રમે છે.

સતત બીજા વર્ષે વિશ્વમાં સૌથી પ્રદૂષિત શહેરો અંગેના અહેવાલમાં આ વાત છે. વર્ષ-૨૦૨૧ના વર્લ્ડ એર ક્વોલીટી રિપોર્ટમાં આ વાત રજુ કરવામાં આવી છે.

વિશ્વના ૧૧૭ દેશના ૬૪૭૫ શહેરના પ્રદૂષણને લગતા સરવેમાં એવી પણ માહિતી આપવામાં આવી છે કે એક પણ શહેર વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના હવાની ગુણવત્તાને લગતા માપદંડને પુરા કરી શક્યુ નથી. તેમજ કોવિડ સંબંધિત નિયંત્રણો વચ્ચે પણ અનેક વિસ્તારોમાં સ્મોગનું પ્રમાણ યથાવત્ રહ્યુ હતુ. મોટાભાગના શહેરોમાં વાહનથી થતુ પ્રદૂષણનું યોગદાન સૌથી વધારે પ્રમાણમાં રહ્યુ છે.

સ્વીસ કંપની આઈક્યુએરના વર્લ્ડ એર ક્વોલીટી રીપોર્ટ એ ખતરાની ઘંટડી સમાન છે.

આ અહેવાલ સરકારો અને મહાનગર પાલિકાઓ માટે ખતરાની ઘંટડી સમાન છે. લોકો જોખમી પ્રદૂષિત હવાને શ્વાસમાં લે છે. વાહનોનું ઉત્સર્જન હવાના પ્રદૂષણમાં વધારો કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. હવાના પ્રદૂષણથી વ્યક્તીના આરોગ્યને મોટી અસર થાય છે.

અહેવાલમાં જણાવ્યાનુસાર ચેતવણીજનક બાબત છે કે ૨૦૨૧માં ભારતનું એક પણ શહેર ઉૐ એ નિર્ધારિત કરેલ માપદંડમાં આવતુ નથી. ભારતના તમામ શહેરોમાં પ્રદૂષણનું સ્તર ઊંચુ છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ ઘનમીટર દીઠ ૫ માઈક્રોગ્રામનું લેવલ નિર્ધારિત કરેલ છે. ભારતના ૪૮ ટકા શહેરોમાં હાવની ગુણવત્તાનું સ્તર ઘનમીટર દીઠ ૫૦ માઈક્રો ગ્રામ કરતાં વધુ રહ્યુ હતુ. જે ઉૐ ના ધોરણો કરતાં આશરે ૧૦ ગણુ વધ્યુ છે.



શહીદો અમર રહો... - વીર ભગતસિંહ અને સાથીઓની યાદમાં દેશભરમાં શહીદ દિવસની ઉજવણી થઈ ત્યારે ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં પણ સાંજે મશાલ યાત્રા નીકળી હતી... મોટી સંખ્યામાં યુવાનો મશાલ અને ત્રિરંગા સાથે શહીદો અમર રહોના જયઘોશ સાથે... સરગાસણ વિસ્તારમાં ફર્યા હતા... સમગ્ર વાતાવરણ દેશભક્તિથી રંગાઈ ગયું હતું....

# ગાંધીનગરમાં નવા આવાસો અને ફલાય ઓવર સહિત માર્ગોની સુધારણા માટે ૧ હજાર કરોડ ખર્ચાશે

**શહેરના સેકટરોમાં વિવિધ કક્ષાના ૧૪૦૦ આવાસો તેમજ સદસ્ય નિવાસનુ બાંધકામ હાથ ધરાશે : જુના સચિવાલયમાં પણ બે નવા બ્લોક બાંધવા માટે રૂ ૧૦૦ કરોડના ખર્ચને સૈધ્ધાંતિક મંજુરી : ગીફટ સીટીના જંકશન પર ફ્લાય ઓવર બનાવવા ૫૦ કરોડ ખર્ચાશે**

ગાંધીનગર તા ૨૩

સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં એકબાજુ માળખાગત સુવિધાના કામોને વેગ આપવામાં આવી રહ્યો છે. દાયકાઓ જુની પાણી ગટરની લાઈન બદલવાનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. જયારે બીજીતરફ નવા આવાસો તેમજ સદસ્ય નિવાસના બાંધકામ માટે પણ આગામી દિવસોમાં કરોડો રૂપિયાનો ખર્ચ કરાશે જયારે ગીફટ સીટ જંકશન પર ફલાય ઓવર બાંધવા માટે પણ રૂ ૫૦ કરોડનો ખર્ચ કરાશે આ ઉપરાંત જુના સચિવાલયમાં બે બ્લોક બાંધવા સહીત જિલ્લાના વિવિધ માર્ગોના રીસરફેસીંગ સહીતના કામો સહીત અંદાજિત રૂ ૧ હજાર કરોડનો ખર્ચ કરાશે.

માર્ગ મકાન વિભાગના વર્ષ ૨૦૨૨-૨૩ ના અંદાજપત્રમાં ગાંધીનગર જિલ્લાને અનુલક્ષીને પણ માર્ગ મકાન મંત્રીએ મહત્વના કામોની જાહેરાત કરી છે. જયારે આગામી દિવસોમાં જિલ્લામાં નવા માર્ગો , ઓવરબ્રિજ સહીત શહેરમાં નવા આવાસો બાંધવા માટે આયોજન કરાયુ છે. જેમાં રૂ ૩૧૫ કરોડના ખર્ચે શહેરમાં વિવિધ કક્ષાના નવા ૧૪૦૦ આવાસો બાંધવામાં આવશે. આ ઉપરાંત રૂ ૨૪૭ કરોડના ખર્ચ સદસ્ય નિવાસનુ બાંધકામ હાથ ધરાશે સે-૧૭ માં સદસ્ય નિવાસ માટે નવા મકાનો બાંધવામાં આવશે. જયારે ડો જીવરાજ મહેતા ભવન ખાતે રી ડેવલપમેન્ટ અન્વયે બે નવા બ્લોકનુ બાંધકામ હાથ ધરાશે. જેને અનુલક્ષી રૂ ૧૦૦ કરોડની સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી છે. ગાંધીનગર તાલુકાના અલુવા સાદરાને જોડતો સાબરમતી નદી પર રૂ ૭૧ કરોડના ખર્ચે નવો પુલ બનાવાશે. ઉમિયાધામને જોડતા ચાર માર્ગીય પ્રોજેકટને અનુલક્ષી રૂ ૧૭ કરોડનો ખર્ચ કરાશે. ગાંધીનગરના વડસર ભીમાસણ સેડફા માર્ગનુ રૂ ૧૪ કરોડના ખર્ચ રીસરફેસીંગ હાથ ધરવા માટે પણ ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત પાલજ બાસણ શાહપુર રોડ અને એચ ૧૪૭નુ પણ રૂ ૧૩ કરોડના ખર્ચે રીસરફેસીંગ કરાશે. જયારે કલોલ માણસા ,વિજાપુર માર્ગના રીસરફેસીંગનુ કામ હાથ ધરવા માટે પણ રૂ ૧૦.૫૦ કરોડનો ખર્ચ કરાશે.

● અનુસંધાન પાન-૭ પર

# સતત બીજા દિવસે શહેર-જિલ્લામાં કોરોનાનો એકપણ કેસ નોંધાયો નહિ

**શહેર-જિલ્લાએ કોરનામુક્ત બનવાની તરફ ગતિ પકડી : શહેરમાં ૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે : જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી કોરોનાનો નવો કેસ નોંધાયો નથી**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાના આજે પણ કેસ નોંધાયા નથી અને શહેર-જિલ્લો હવે કોરોનામુક્ત બનવા તરફ ગતિ કરી રહેલુ છે.

ગાંધીનગર શહેરમાં આજે સતત બીજે દિવસે એક પણ કેસ નોંધાયો નથી તો જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી કોરોનાનો કેસ નોંધાયો નથી. ગાંધીનગર શહેરમાં આજે માત્ર ૩ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જયારે ગ્રામ્ય વિસ્તારમાં હવે એક પણ એક્ટીવ કેસ સારવાર હેઠળ નથી.

શહેર-જિલ્લામાં કોરોનાની ત્રીજી લ્હેર હવે લગભગ સમાપ્ત થઈ ગઈ હોવાનો વિશ્વાસ તંત્રના સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે. જો કે તંત્રએ કોરોનાની ગાઈડલાઈન્સના પાલનમાં લોકોને બેદરકારી ન દાખવવા પણ અપીલ કરી છે.

શહેર-જિલ્લામાં કોરોનાની ત્રીજી લ્હેર દરમ્યાન કોરોનાના માઈલ્ડ સિમ્ટમ્સ ધરાવતા દર્દીઓ વધુ મળ્યા હોવાથી દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો હતો. આ વેળાએ શહેર-જિલ્લામાં હોસ્પિટલાઈઝેશન દર ખુબ જ નીચો રહ્યો છે.

# જિલ્લામાં આગામી ૨૬-૨૭થી ગરમીનો પ્રકોપ વધશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં ૨૬મીથી ગરમીનો પારો ૪૦ ડિગ્રી અને ૨૭મીએ ૪૧ ડિગ્રી પર પહોંચશે.

દાંતીવાડા કૃષિ યુનિ. દ્વારા હવામાન પૂર્વાનુમાન કરતાં તેના બુલેટીનમાં જણાવ્યુ છે કે ૨૩ થી ૨૭ માર્ચ દરમ્યાન મહત્તમ તાપમાન ૩૯-૪૧ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૨-૨૪ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૨ થી ૩૬ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૩ થી ૧૯ કિ.મી. પ્રતિ કલાક રહેવા શક્યતા છે.

આ બુલેટીનમાં ફળના ખરણ અટકાવવાના પગલાં પણ સૂચવવામાં આવ્યા છે. તેમજ પશુપાલકોને બપોરના સમયે પશુઓને નવડાવી ગરમીથી બચાવી દૂધ ઉત્પાદન જાળવી રાખી શકાય છે તેવી સલાહ આપવામાં આવી છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૧૬ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૨૩

ગુજરાતમાં દિવસેને દિવસે કોરોના કેસમાં ઘટાડો થઈ રહ્યો છે. આજે કોરોનાના માત્ર ૧૬ નવા કેસ આવ્યા હતા. તો બીજી તરફ ૨૫ દર્દીઓ રિકવર પણ થઇ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૨,૫૬૫ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૮ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૧,૮૯,૬૪૯ નાગરિકોનું રસીકરણ થયું છે. બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૯૯ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૨ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૨૯૭ નાગરિકો સ્ટેબલ છે. જયારે ૧૨,૧૨,૫૬૫ નાગરિકો અત્યાર સુધીમાં ડિસ્ચાર્જ થઇ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કોરોનાને કારણે કુલ ૧૦,૯૪૨ નાગરિકોનાં મોત થઇ ચુક્યાં છે. આજે રાજ્યમાં કોરોના કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૮, વડોદરા ૪, રાજકોટ ૨, વડોદરા ૨ એમ કુલ ૧૬ કેસ નોંધાયા છે.

# આજે મનપા સ્થાયી સમિતિની બેઠક

**૧૩ જેટલા મુદ્દાઓ પર ચર્ચા થશે : મનપાના ખુલ્લા જાહેર પ્લોટો ભાડે આપવા અંગે બેઠકમાં નિર્ણય લેવાશે : રંગમંચોના બુકિંગની પ્રથાને સરળ બનાવવા અંગે ચર્ચા થશે**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મહત્વની બેઠક મળશે.

સ્થાયી સમિતિના ચેરમેન જશુભાઈ પટેલના અધ્યક્ષપદે સ્થાયી સમિતિના ખંડમાં બપોરે ૩ વાગે આ બેઠક મળશે.

મનપાને નવી આવક ઉભી કરવા માટે આ બેઠકમાં વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. જેમ કે મનપા હસ્તકના જે ખુલ્લા પ્લોટો છે તે ભાડે આપી અને આવક ઉભી કરવા માટે ભાડાના દર તેમજ આનુસંગિક બાબતો અંગે નિર્ણય કરવામાં આવશે. આ બેઠકમાં રંગમંચના બુકિંગના હાલના નિયમોમાં બદલાવ કરવામાં આવશે.

સ્થાયી સમિતિ ટાઉનપ્લાનર, જુ. ટા. પ્લાનર, પ્લાનીંગ આસિ.ની ભરતી-બઢતીના નિયમોને પણ બહાલી આપશે એટલુ જ નહિ બાયોલોજીસ્ટ વર્ગ-૨ની ભરતીના નિયમોમાં શૈક્ષણિક લાયકાતમાં સુધારો કરવાની દરખાસ્તને પણ બહાલી આપશે.

આ બેઠકમાં રાંધેજા-પેથાપુર, કુડાસણ, અંબાપુર-પોર-અડાલજ-તારાપુર તેમજ અડાલજ-તારાપુર સરગાસણની ટી.પી.ના ઈરાદાઓ જાહેર કરવા માટેની સત્તાઓ પણ સોંપી શકે છે.

નવા બે વૃક્ષ ટ્રીમીંગ મશીન ખરીદવા અંગે તેમજ ડોર ટુ ડોર કલેક્શનમાં વપરાતા ૬૦ જેટલા વાહનો સ્ક્રેપ્ટમાં કાઢવા અંગેનો પણ નિર્ણય આ બેઠકમાં લેવામાં આવશે.

ગાંધીનગર મનપાના કાઉન્સીલરોને ગોવા તાલિમમાં મોકલવા અંગે તેમજ મેનપાવર સેવાઓ પુરી પાડતી એજન્સીની મુદતમાં બે માસનો વધારો કરવા અંગે પણ નિર્ણય લેવામાં આવશે. ૧૩ જેટલા મુદ્દાઓ પર આ બેઠકમાં ચર્ચાઓ થનાર છે.

# સેકટરોમાં ખોદકામ બાદ માટીના ઢગનો ખડકલો

**ધુળિયા વાતાવરણથી રહીશો ત્રસ્ત : પાણી ગટર લાઇન સંદર્ભે ખોદકામ બાદ સાંજે ડસ્ટી વાતાવરણથી એલર્જી , દમ શ્વાસના દર્દીઓને વધુ પરેશાની : ખોદકામ બાદ પાણીનો છંટકાવ પણ કરવામાં આવતો નથી : સ્થાનિકોની રજુઆત**

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં પાણીની નવી લાઈન નાંખવા માટે સેકટરોમાં કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે હાલ સેકટરોમાં નવી લાઈન નાંખવા માટે ખોદકામ ચાલી રહ્યુ છે. પરંતુ ખોદકામના અંતે સ્થળ પર માટીના ઢગ ખડકાયેલા રહેતા સ્થાનિકો માટે ડસ્ટી વાતાવરણ મુંઝવણરૂપ બન્યુ હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. શહેરના ખ માર્ગ આસપાસના વિસ્તારમાં પણ આ મુજબની સ્થિતિ છે. એકબાજુ પાણીની નવી લાઈન સાથે કેટલાક ઠેકાણે ગટર લાઈન નાંખવા માટે પણ કામ શરૂ કરી દેવાયુ છે. ત્યારે સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ સાથે સ્થાનિકો સતત ઉડતી ધુળના લીધે ત્રાહીમામ પોકારી ગયા છે. માટીના ઢગ પર પાણીનો છંટકાવ પણ ન થતો હોવાથી એલર્જી અને દમના દર્દીઓ આ સ્થિતિ વચ્ચે વિશેષ પરેશાન થયા છે.

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે વિવિધ વિકાસ કામો હાથ ધરવામાં આવ્યા છે. જયારે શહેરમાં દાયકાઓના અંતે માળખાગત સુવિધાઓને અપગ્રેડ કરવામાં આવી રહી છે. સેકટરોની વસતી અને વિકાસને અનુરૂપ પાણી ગટર લાઈનનુ નેટવર્ક તૈયાર કરવામાં આવી રહ્યુ છે. જેમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે પણ નવી લાઈન નાંખવામાં આવી રહી છે. આ ઉપરાંત દાયકાઓ જુની ગટર લાઈનના બદલે મોટાડાયામીટર મુજબની નવી લાઈન નાંખવા પણ કામ શરૂ કરી દેવાયુ છે. અગાઉ બે વર્ષ પુર્વે કોર્પોરેશન દ્વારા વરસાદી પાણીના નિકાલની પણ નવી લાઈન નાંખવામાં આવી હતી જો કે આ કામગીરી દરમિયાન પણ શહેરીજનો તોબા પોકારી ગયા હતા. યોગ્ય માટી પુરાણના અભાવે વરસાદી દિવસોમાં ઠેર ઠેર માટી પોલાણના લીધે ગાબડા અસ્તિત્વમાં આવ્યા હતા જયારે નગરમાં ઘણાં ઠેકાણે ફુટપાથ પણ અંદર ગરકાવ થઈ ગઈ હતી. જયારે હાલ પાણીની નવી લાઈન નાંખવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે નગરના ખ માર્ગ આસપાસ પણ ઘણાં ઠેકાણે ખોદકામ કરવામાં આવ્યુ છે. ખ-૧ થી ખ- ૪ વચ્ચે લાઈન નાંખી દેવામાં આવી છે. જયારે સે-૧૩ અને સે-૫ ના એપ્રોચ માર્ગ પણ તુટેલી હાલતમાં છે. આ સ્થિતિ વચ્ચે નવી લાઈન નાંખવાની સાથે યોગ્ય માટી પુરાણ તેમજ ખોદાયેલા માટીના ઢગના લીધે જન આરોગ્યના હીતને ધ્યાનમાં રાખી વાતાવરણમાં ધુળ ન ઉડે તે મુજબ માટી પર પાણીનો યોગ્ય રીતે છંટકાવ થાય તે પણ અનિવાર્ય છે. ઠેર ઠેર ખોદકામ કરીને માટીના ઢગ ખડકી દેવાતા સ્થાનિકોમાં પણ રોષ પ્રવર્તાયો છે. આ મામલે સ્થાનિક રહીશો દ્વારા પણ ગમે ત્યાં માટીના ઢગ ન કરવા તેમજ ખોદકામના અંતે સ્થળ પર પાણીનો છંટકાવ કરવા પણ રજુઆત કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં સોલાર રૂફટોપ માટે ૬૭૨૮ ઘરવપરાશના વીજ ગ્રાહકોની અરજીઓ મળી

**જિલ્લામાં ૧-૨-૨૧ થી ૩૧-૧-૨૨૨ દરમિયાન ૩૪૫૩ ટી.બી.ના દર્દીઓને આર્થિક સહાય અપાય છે. બાળ સેવા યોજના અંતર્ગત ૬૬૪ અરજીઓ મંજૂર કરાઈ**

● **સોલાર રૂફટોપના વીજ ગ્રાહકોની નોંધણી**

ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં સોલાર રૂફટોપ યોજના હેઠળ વીજ ગ્રાહકોની નોંધણી અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ઉર્જા મંત્રીએ જણાવ્યું છે કે, ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં 'સૂર્ય ગુજરાત' યોજના હેઠળ ૬૭૨૮ ઘર વપરાશના વીજ ગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે.

ઉક્ત સ્થિતિએ ઘર વપરાશના ઉક્ત વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૨૬૩૯૩ કિલો વૉટ છે.

● **ધન્વન્તરી રથની સેવા**

નરોડાના ધારાસભ્ય બલરામ થાવાણીએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર શહેરમાં ધન્વન્તરી રથની સેવાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્ય મંત્રીએ જણાવ્યું છે કે, ગાંધીનગર શહેર (કોર્પોરેશન)માં કુલ ૯,૪૫,૯૦૦ વ્યક્તિઓએ લાભ લીધો છે.

● **આરોગ્ય કર્મયોગીઓના પરિવારને સહાય**



વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ૩૧-૧-૨૨ની સ્થિએ ૧-૨-૨૧ થી ૩૧-૧-૨૨ના ગાળામાં બે આરોગ્ય કર્મીઓને કોરોના વૉરિયર્સ હતા તેમના અવસાન થયા છે. આ કર્મયોગીઓના પરિવારને રૂ. ૧ કરોડની સહાય ચુકવી આપવામાં આવી છે તેમ આરોગ્ય મંત્રીએ જણાવ્યું છે.

● **તળાવો ભરવા બાબત**

માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલે માણસા તુલાકાના તળાવો ભરવા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જળસંપત્તિ મંત્રીએ જણાવ્યું છે કે, ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ માણસા તાલુકામાં ૨૦20 દરમિયાન ૧૭ તળાવો અને ૨૦૨૧માં ૪૦ તળાવો પાઈપલાઈનથી પાણી નાંખીને ભરવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પિયજ-ધરોઈ પાઈપલાઈન અને પિયજ - ઉણાદ પાઈપલાઈનથી જોડાયેલ બધા જ તળાવ પાઈપલાઈનથી ભરવામાં આવેલ છે. આ તળાવો ભરવા પાછળ ૨૦૨૦માં રૂ. ૭૧.૫૫ લાખ અને ૨૦૨૧માં ૧૧૯.૩૪ લાખનો ખર્ચ થયેલ છે.

● **કુંવરબાઈનું મામેરુ યોજના**

ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે જિલ્લામાં કુંવરબાઈ મામેરુ યોજના અંતર્ગત મળેલ અરજીઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાજીક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાવ્યું છે કે, છેલ્લા એક વર્ષમાં ૨૦૭ અરજીઓ મળી છે જે પૈકી ૨૦૪ અરજીઓ મંજુર કરવામાં આવી છે અને રૂ. ૨૧,૨૨,૦૦૦ની સહાય ચુકવવામાં આવી છે.

● **વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે ૨૧-૨૨માં જિલ્લામાં ૧ થી ૮માં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ગણવેસ સહાય અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યું છે કે, ૯૬,૮૩૧ બાળકોની અરજીઓ મળી હતી અને તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. આ સહાય પેટે રૂ. ૫,૮૦,૯૮,૬૦૦ની રકમ ચુકવવામાં આવી છે.

● **ક્ષયના દર્દીઓને સહાય**

કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં ક્ષયના દર્દીઓને આર્થિક સહાય અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્ય મંત્રીએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં તા.૧-૧-૨૦ થી ૩૧-૧-૨૧ દરમિયાન ગાંધીનગર તાલુકામાં ૪૮૭, દહેગામમાં ૪૧૯, માણસામાં ૪૭૮, કલોલમાં ૫૨૦ અને ગાંધીનગર શહેરમાં ૬૫૨ મલી કુલ ૨૫૫૬ દર્દીઓને સહાય આપાવમાં આવી છે. જ્યારે ૧-૨-૨૧ થી ૩૧-૧-૨૨ દરમિયાન દહેગામમાં ૫૨૪, ગાંધીનગર તાલુકામાં ૫૯૪, માણસામાં ૬૨૩, કલોલમાં ૬૭૧ અને ગાંધીનગર શહેરમાં ૧૦૪૧ દર્દીઓ મળી કુલ ૩૪૫૩ દર્દીઓને આર્થિક સહાય ચુકવવામાં આવી છે.

આરોગ્ય મંત્રીએ જણાવ્યું છે કે, દર્દીઓને સારવાર ચાલુ હોય ત્યાં સુધી છ મહિના નિક્ષય પોષણ સહાય અંતર્ગત દર મહિના રૂ. ૫૦૦ લેખે સહાય ચુકવવામાં આવે છે. આ અંગે કોઈ ફરિયાદ ન મળી હોવાનું પણ તેમણે કહ્યું હતું.

● **મુખ્યમંત્રી બાળ સેવા યોજના**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે જિલ્લામાં મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાવ્યું છે કે, માતા-પિતા બંનેનું અવસાન થવાથી અનાથ બનેલ બાળકોને માસિક રૂ. ૪૦૦૦ની સહાય આપવાની જોગવાઈ ૧૧-૬-૨૧ના ઠરાવથી કરવામાં આવેલ છે. જ્યારે

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com